કુબેરનગર ITI ખાતેથી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના હસ્તે રાજ્યની સરકારી ITI માટે 'ગણવેશ સહાય યોજના'નો પ્રારંભ

નવો ગણવેશ ITI ના વિદ્યાર્થીઓમાં શિસ્ત, વ્યાવસાયિકતા, આત્મવિશ્વાસ અને એક આગવી ઓળખ ઊભી કરશેઃ- કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

ગાંધીનગર એચ.ઓ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમદાવાદની કુબેરનગર ITI ખાતેથી રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના તાલીમાર્થીઓ માટે 'ગણવેશ સહાય યોજના'નો' ભવ્ય શુભારંભ કાર્યક્રમ કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયા તથા ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આજે રાજ્યની ૨૮૯ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) ના તાલીમાર્થીઓ માટે કુબેરનગર ITI ખાતેથી 'ગણવેશ સહાય યોજના'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માત્ર એકરૂપતા લાવવાનો નથી, પરંતુ તેમનામાં શિસ્ત, વ્યાવસાયિકતા, આત્મવિશ્વાસ અને એક આગવી ઓળખ ઊભી કરવાનો છે. ITI માં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી રહેલા યુવાનોનું વ્યક્તિત્વ ખીલે અને તેઓ ગૌરવ સાથે આગળ વધે તે રાજ્ય સરકારની નેમ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલી આ યોજના અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આશરે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જે અંતર્ગત રાજ્યના અંદાજે ૧.૫ લાખ તાલીમાર્થીઓને વર્ષમાં બે જોડી ગણવેશ પેટે પ્રત્યેક વિદ્યાર્થીના બેંક ખાતામાં DBT મારફતે સીધા રૂ. ૨,૦૦૦ જમા કરાવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ રાજ્યમાં સ્કીલ એજ્યુકેશનના ક્ષેત્રમાં આવેલા સકારાત્મક પરિવર્તનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આજે ITI માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે અને આ વર્ષે ૯૦ થી ૯૫ ટકા જેટલી બેઠકો ભરાઈ ચૂકી છે.



યુવાનોને ગ્લોબલ સ્કીલ સાથે જોડવાની દિશામાં ગુજરાત સરકાર દ્વારા ITI ના વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક 'ગણવેશ સહાય યોજના' લાગુ

આધુનિક સમયની માંગ મુજબના અભ્યાસક્રમો વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સિટી (KSU) ખાતે કાર્યરત એડવાન્સ્ડ ડ્રોન ટેકનોલોજીની તાલીમ લઈ રહેલા ૩૫ જેટલા વિદ્યાર્થીઓમાંથી લગભગ ૫૦ ટકા વિદ્યાર્થીઓ માત્ર ITI બેકગ્રાઉન્ડ ધરાવે છે.

રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની ITI સંસ્થાઓને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવાનો છે, જેથી આપણા યુવાનો માત્ર રાજ્ય કે દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ જઈને રોજગારી મેળવી શકે અને પોતાની સ્કીલ ડેવલપ કરી શકે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. પાયલ કૂકરાણીએ યુવાનોને પ્રોત્સાહિત કરતા તાજેતરના રોજગાર મેળાઓની સફળતા વર્ણવી કહ્યું કે, અગાઉ ITI માંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ આજે ઇન્ટરવ્યુઅર તરીકે પાછા ફરી રહ્યા છે.

તેમણે આજના 'જનરેશન ઝેડ' (Gen Z) યુવાનોને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુના ૨૩ વર્ષની વયના ઐતિહાસિક બલિદાનનું સ્મરણ કરાવીને પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

નોંધનીય છે કે, રાજ્યની ITI માં પ્રવેશ મેળવતી વિદ્યાર્થીનીઓને 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' હેઠળ પ્રથમ વર્ષે રૂ. ૧૫,૦૦૦ અને બીજા વર્ષે રૂ. ૯,૦૦૦ એમ કુલ રૂ. ૨૪,૦૦૦ની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને ITI કેન્દ્રો સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુથી રૂ. ૩,૦૦૦ ની મુસાફરી સહાય આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. તાલીમાર્થીઓમાં સ્પર્ધાત્મકતા અને ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા 'વિશ્વકર્મા કૌશલ્ય સ્પર્ધા' અંતર્ગત વિજેતાઓને જિલ્લા કક્ષાએ રૂ. ૭,૦૦૦, પ્રાદેશિક કક્ષાએ રૂ. ૨૫,૦૦૦ અને રાજ્ય કક્ષાએ રૂ. ૫૦,૦૦૦ના રોકડ પુરસ્કારો પણ એનાયત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં રોજગાર અને તાલીમ નિયામક શ્રી એ. કે. વસ્તાણી, અધિક નિયામક સુશ્રી નીલાંજલા રાજપૂત, ITI ના પ્રિન્સિપાલ શ્રી નિરવભાઈ દેસાઈ, કોર્પોરેટર શ્રી સન્નીભાઈ ખાનચંદાની, શ્રીમતી મંજુલાબહેન

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ચંદ્રાલા ગામના અનુસૂચિત જાતિ પરિવારના શ્રી લાલાભાઈ પરમારના ઘરે રાત્રિ ભોજન ગ્રહણ કર્યું

લાલાભાઈ પરમારના પરિજનો સાથે સાદગીપૂર્ણ વાતાવરણમાં ભોજન લઈ પરિવારના ખબર-અંતર પૂછ્યા

ગાંધીનગર એચ.ઓ

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સામાજિક સમરસતા અને એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીએ ચંદ્રાલા ગામના અનુસૂચિત જાતિ પરિવારના શ્રી લાલાભાઈ પરમારના નિવાસસ્થાને પહોંચીને તેમના પરિજનો સાથે અત્યંત સાદગીપૂર્ણ અને સ્નેહસભર વાતાવરણમાં રાત્રી ભોજન ગ્રહણ કર્યું હતું.

આ તકે રાજ્યપાલશ્રીનું લાલાભાઈ પરમારના પરિવારે ભાવભીનું અને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભોજન દરમિયાન રાજ્યપાલશ્રીએ પરિવારના તમામ સભ્યો સાથે સહજ સંવાદ સાધીને તેમના ખબર-અંતર પૂછ્યા હતા તેમજ બાળકોના શિક્ષણ અને પરિવારના આજીવિકાના સાધનો અંગે માહિતી મેળવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આપણો સમાજ એકતા અને સામાજિક સમરસતાના પાયા પર ટકેલો છે.

સમાજમાંથી નાત-જાત, ઊંચ-નીચ અને ભેદભાવના વિચારો દૂર કરીને દરેક નાગરિક સાથે





સન્માનપૂર્વકનો વ્યવહાર કરવો એ જ સાચો ધર્મ અને માનવતા છે.

રાજ્યપાલશ્રીની આ સાહજિકતા અને સાદગી જોઈને લાલાભાઈ પરમારનો પરિવાર અત્યંત ભાવવિભોર બન્યો હતો અને પોતાના આંગણે રાજ્યના પ્રથમ નાગરિકની ઉપસ્થિતિ બદલ કૃતજ્ઞતા પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

NFSUએ પ્રો. જયરાજસિંહ સરવૈયાને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કર્યા



પી.આઇ.બી. અમદાવાદ

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર દ્વારા ફોરેન્સિક ફાર્મસીના ડીન અને ડ્રગ એન્ડ ફૂડ ફોરેન્સિક્સના સેન્ટર હેડ પ્રો. જયરાજસિંહ સરવૈયાનો સન્માન સમારોહનું આયોજન તા.૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું, જેમને તાજેતરમાં નવી દિલ્હીમાં શિક્ષક દિવસ સમારોહ દરમિયાન ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શ્રેષ્ઠ શિક્ષકનો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

'પદ્મશ્રી'થી સન્માનિત, NFSUના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસે પ્રો. સરવૈયાને તેમની વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, "ફોરેન્સિક ફાર્મસી પ્રત્યે પ્રો. સરવૈયાનું સમર્પણ અને ડ્રગ અને ફૂડ ફોરેન્સિક્સમાં તેમના વિશિષ્ટ યોગદાનથી NFSU ગૌરવ અનુભવે છે. રાષ્ટ્રીય સ્તરે તેમની યોગ્યતાનું સન્માન એ યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે."

પોતાનો પ્રતિભાવ આપતા પ્રો. જયરાજસિંહ સરવૈયાએ કહ્યું હતું કે, "ભારતના માનનીય રાષ્ટ્રપતિ તરફથી આ પુરસ્કાર પ્રાપ્ત કરવો એ એક વિશિષ્ટ સન્માન છે.

આ માટે હું 'પદ્મશ્રી'થી સન્માનિત, NFSUના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસનો ખાસ આભાર વ્યક્ત કરું છું. હું આ સિદ્ધિ મારા વિદ્યાર્થીઓ, સાથીદારો અને NFSUને સમર્પિત કરું છું, જેણે હંમેશા શિક્ષણ અને સંશોધનમાં નવીનતા અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપ્યું છે."

કિશોરીઓને સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષિત કરવા રાજ્યમાં ૬ લાખથી વધુ કિશોરીઓનું HPV રસીકરણ સંપન્નઃ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

HPV રસીકરણમાં ગુજરાત પ્રથમ સ્થાને, ગુજરાતની દિકરીઓને મળ્યું કેન્સર સામેનું મજબૂત સુરક્ષા કવચઃ પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગર એચ.ઓ

ગુજરાત સરકાર રાજ્યની દિકરીઓના સુદૃઢ સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

સ્ત્રીઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સર સામે કિશોરીઓને સુરક્ષિત રાખવા માટે ગત ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં રાજ્યભરની ૬ લાખથી પણ વધુ દીકરીઓને હ્યુમન પેપિલોમાવાયરસ-HPV રસીનું સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે, તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.



- કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને વધારાના ૨.૭૨ લાખ ડોઝ ફાળવાયા
- ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી દર મહિને ૧૪ વર્ષ પૂર્ણ કરતી દીકરીઓને વિનામૂલ્યે અપાશે રસીકરણનો લાભ

તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રવ્યાપી સંકલ્પ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે HPV રસીકરણમાં સમગ્ર દેશમાં અગ્રેસર કામગીરી કરી છે. ગુજરાતની નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને વધુ ૨,૭૨,૦૦૦ HPV રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ આગામી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં દર મહિને ૧૪ વર્ષ પૂર્ણ કરતી તમામ કિશોરીઓને HPV રસી આપવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ સેવા તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલો, જિલ્લા અને પેટા-જિલ્લા હોસ્પિટલો તેમજ તમામ સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે. વધુમાં, રાજ્યમાં આટલા વિશાળ સ્તરે રસીકરણ પૂર્ણ થયું હોવા છતાં આડઅસરનો એક પણ કિસ્સો નોંધાયો નથી, જે આ રસીની ગુણવત્તા સલામતી અને અસરકારકતાની સાબિતી આપે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

અશ્વિની વૈષ્ણવે રેલવે સુરક્ષા, ટેકનિકલ અને મેન્ટેનન્સ સંબંધિત ખામીઓમાં સુધારા માટે નિર્દેશ આપ્યા

પી.આઇ.બી. અમદાવાદ

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે રેલ ભવન ખાતે એક વિગતવાર સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, રેલવે બોર્ડ; રેલવે બોર્ડના સભ્યો, ઝોનલ રેલવેના જનરલ મેનેજરો, ડાયરેક્ટર જનરલો (DGs) અને ડિવિઝનલ રેલવે મેનેજરો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન, રેલવે મંત્રીએ સિગ્નલિંગ સંબંધિત ટેકનિકલ ખામીઓને મિશન મોડમાં દૂર કરવા નિર્દેશ આપ્યા હતા. ઓવરહેડ ઇક્વિપમેન્ટના સંદર્ભમાં, તેમણે એવા સ્થળોએ જ્યાં ઘટકોએ તેમની નિર્ધારિત સેવા અવધિ પૂર્ણ કરી લીધી છે ત્યાં તેમની મેન્ટેનન્સ અને બદલી માટે જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. રેલવે મંત્રીએ કોચના મેન્ટેનન્સ, ખાસ કરીને ફાયર સેફ્ટીને સંબંધિત ઇલેક્ટ્રિકલ સર્કિટ્સ અને વાયરિંગ પર વિશેષ ધ્યાન આપીને વર્કશોપમાં મેન્ટેનન્સના સ્તરને સુધારવા માટે નિર્દેશ આપ્યા હતા. તેમણે વેગન અને કોચના કપલર્સ અને વ્હીલ્સના મેન્ટેનન્સ પર પણ ધ્યાન આપવા જણાવ્યું હતું. ટ્રેક મેન્ટેનન્સના સંદર્ભમાં, પોઇન્ટ મશીનો, ટર્નઆઉટ્સ અને ફાસ્ટનર્સનો યોગ્ય નિભાવ સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમાં કોડીનયુક્ત દવાઓના ગેરકાયદે વેચાણ અને ગેરઉપયોગ સામે તંત્રની લાલ આંખઃ રાજ્યવ્યાપી સ્પેશ્યલ ડ્રાઇવ યોજાઈ

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી ત્રાટકેલું ખોરાક અને ઔષધ નિયમન તંત્રઃ ૮૩ લાખથી વધુનો માલ પ્રતિબંધિત (સ્થગિત), ૭ પેઢીઓને નોટિસ અને એકનો પરવાનો રદ કરાયો

ગાંધીનગર એચ.ઓ

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં મળેલ બેઠક દરમિયાન આપવામાં આવેલ કડક સૂચના અન્વયે, કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર ઉપયોગ,અનધિકૃત સંગ્રહ તથા વેચાણ ઉપર નિયંત્રણ લાવવા માટે ગુજરાત રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ (Special Drive) તા. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ હાથ ધરવામાં આવી હતી. જેમાં બાલાજી ફાર્માનો ૮૩ લાખથી વધુનો માલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિવિધ ૭ પેઢીઓને નોટિસ અને એકનો પરવાનો રદ કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ આ સંદર્ભે કહ્યું હતું કે,તંત્ર દ્વારા કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર સંગ્રહ, અનધિકૃત વેચાણ તથા ગેરઉપયોગ સામે ઝીરો ટોલરન્સની નીતિ સાથે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે લાગુ કાયદા અને નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં જનતાના આરોગ્યના હિતમાં આવી દવાઓનો ઉપયોગ માત્ર માન્ય તબીબી પ્રિસ્ક્રિપ્શન તથા કાયદેસર માર્ગે જ થાય તે સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય તંત્ર દ્વારા આ પ્રકારની તપાસ અને દેખરેખની કાર્યવાહી રાજ્યભરમાં સતત ચાલુ જ રહેશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સ્પેશ્યલ ડ્રાઇવ અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં આવેલ દવાના હોલસેલ તથા રિટેલ વેપારીઓની સઘન તપાસ હાથ ધરી, કોડીન ઘટક ધરાવતી દવાઓના ખરીદ-વેચાણ, સંગ્રહ તથા વિતરણ સંબંધિત રેકોર્ડની ચકાસણી

કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદેસર ઉપયોગ તથા અનધિકૃત વેચાણ સામે રાજ્યવ્યાપી સ્પેશ્યલ ડ્રાઇવ

કરવામાં આવી રહી છે.

આ અભિયાન દરમિયાન અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ-૧ તથા મહેસાણા જિલ્લામાં હાથ ધરાયેલ તપાસમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવી છેઃ બાલાજી ફાર્મા, અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગરઃ તપાસ દરમિયાન પેઢીના હાજર સ્ટોકમાંથી કોડીન ઘટક ધરાવતી Rexton-T Syrupની કુલ ૩૭,૭૬૨ બોટલ, MRP રૂ. ૨૨૦/- પ્રતિ બોટલ, મળી આવી હતી. આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૮૩,૦૩,૬૪૦/- થાય છે. આ જથ્થાને વધુ ઉપયોગ/વેચાણ ન થાય તે માટે પ્રતિબંધિત (Prohibited) કરવામાં આવ્યો છે. વધુમાં, નિયત પ્રક્રિયા મુજબ પૃથ્થકરણ માટે Rexton-T Syrupનો નમૂનો લેવામાં આવ્યો છે. પેઢીના ખરીદ-વેચાણના રેકોર્ડની ચકાસણી કરતાં પેઢી દ્વારા મુખ્યત્વે કોડીન ઘટક ધરાવતી દવાઓનો વેપાર કરવામાં આવતો હોવાનું જણાયું છે. તપાસ દરમિયાન જણાયેલી ક્ષતિઓ અંગે પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

હેલ્થ પોઇન્ટ ફાર્મા, કલોલ,ગાંધીનગરઃ તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ હાથ ધરાયેલ તપાસ દરમિયાન તપાસ દરમિયાન જણાયેલી ક્ષતિઓ અંગે કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવેલ હતો. પેઢીનો ખુલાસો સંતોષકારક ન જણાતા પેઢીનો દવા વેચાણનો પરવાનો રદ કરાયો છે. ફાર્માલિન લાઇફસાયન્સિસ, ચાંગોદર, અમદાવાદ ગ્રામ્યઃ તપાસ દરમિયાન દવાઓના ખરીદ-વેચાણના બીલો તથા અન્ય ક્ષતિઓ અંગે પેઢીને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન બહાર મોટી ઠગાઇ, કોન્ટ્રાક્ટરને ચામાં કેફી પીણું પાઈ લાખો રૂપિયા પડાવ્યા

અમદાવાદ, અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન બહાર મહારાષ્ટ્રના ઇલેક્ટ્રિક કોન્ટ્રાક્ટર જયપ્રકાશ તિવારી લૂંટનો ભોગ બન્યા. બે અજાણ્યા ગઠિયાઓએ ચામાં કેફી પીણું પીવડાવી બેભાન કરી, સોનાની ચેઈન, મોબાઈલ અને Google Pay દ્વારા ૭૭,૦૦૦ પડાવી લીધા. કોન્ટ્રાક્ટરે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. અમદાવાદના અતિ વ્યસ્ત એવા કાલુપુર રેલવે સ્ટેશન બહાર વધુ એક ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રથી કામ અર્થે આવેલા એક ઇલેક્ટ્રિક કોન્ટ્રાક્ટરને બે અજાણ્યા ગઠિયાઓએ વિશ્વાસમાં લીધા બાદ ચામાં કેફી પીણું પીવડાવી બેભાન કરી દીધા હતા. આ ગઠિયાઓએ કોન્ટ્રાક્ટર પાસેથી સોનાની ચેઈન અને મોંઘો મોબાઈલ ફોન આંચકી લીધો હતો. એટલું જ નહીં, આરોપીઓએ પીડિતના મોબાઈલમાંથી ઓનલાઈન ગૂગલ પે મારફતે કુલ ૭૭ હજાર રૂપિયા પણ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

પશ્ચિમ રેલવે ખાસ ટ્રેનોની ટ્રીપ લંબાવશે

ટ્રેન નં.	થી	તે	દોડના દિવસો	સુધી વિસ્તૃત
૦૪૭૨૮	વલસાડ	હિસાર	ગુરુવાર	૨૫.૧૧.૨૦૨૬
૦૪૭૨૭	હિસાર	વલસાડ	બુધવાર	૨૫.૧૧.૨૦૨૬
૦૯૪૬૫	અમદાવાદ	દરભંગા	શુક્રવાર	૨૭.૧૧.૨૦૨૬
૦૯૪૬૬	દરભંગા	અમદાવાદ	સોમવાર	૩૦.૧૧.૨૦૨૬
૦૯૧૫૧	ઉધના	મધુબની	બુધવાર અને શુક્રવાર	૩૦.૦૯.૨૦૨૬
૦૯૧૫૨	મધુબની	ઉધના	શુક્રવાર અને રવિવાર	૦૨.૧૦.૨૦૨૬
૦૯૦૩૧	ઉધના	હસનપુર રોડ	રવિવાર	૨૭.૦૯.૨૦૨૬
૦૯૦૩૨	હસનપુર રોડ	ઉધના	મંગળવાર	૨૯.૦૯.૨૦૨૬

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૪૭૨૮, ૦૯૪૬૫, ૦૯૧૫૧ અને ૦૯૦૩૧ની વિસ્તૃત ટ્રીપ્સ માટે બુકિંગ ૧૧.૦૯.૨૦૨૬ના રોજ બધા પીઆરએસ કાઉન્ટર અને આઇઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીડ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪

આથી સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
1.	કોષ્ટી ચિરાગ અને કોષ્ટી લક્ષ્મીબેન - TBABD00006803805 &LBABD00006810383	ફ્લેટ નં.૧૩-એ, ત્રીજો માળ, પાંડવ એપાર્ટમેનન્ટ, સબ-પ્લોટ નં.૨૩ પૈકી, આર.સર્વે નં.૨૪,૨૬,૨૭,૩૨, ટી.પી.સ્કીમ નં.૫૨, આખરી પ્લોટ નં.૮૦/૧૦૫, ગુરૂનાનક સ્કૂલ પાસે, નારોલ નરોડા રોડ, ઘોડાસર, જીલ્લો/સબ-જીલ્લો : અમદાવાદ-પ(નારોલ), તાલુકા : મણિનગર, ગામ-ઘોડાસર, ગુજરાત, અમદાવાદ-૩૮૦૦૫૦ અને સુપર બિલ્ટઅપ એરિયા ૫૧.૭૩ સ્કે.મી. અને અવિભાજીત ૧/૨૪ ભાગ / સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૬	June 23, 2026 Rs. 21,44,725.88/-	અમદાવાદ
2.	છોટિયા સિંધાભાઈ સામાતભાઈ અને જાનુબેન સિંધાભાઈ છોટિયા અને હાર્દિક નારાયણભાઈ પટેલ - TBBRD00006440522	શોપ નં.૫, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રભુ હાઇટ્સ, વામિલ પાર્ક સોસાયટી પાછળ, આર.એસ.નં.૫૭૯, ટી.પી.એસ.નં.૬૧, એફ.પી.નં. ૫૩ (નવા એફ.પી.નં.૫૧), સી.ટી.એસ.નં.૪૦૩, પ્લોટ નં.સી/૧૫, સી/૧૬, સી/૧૭ અને સી/૧૮, કૃણાલ ચાર રસ્તા પાસે, સામતા રોડ, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧ અને બિલ્ટઅપ એરિયા ૧૪.૮૧ સ્કે.મી. (એટલેકે ૧૫૯.૪૪ સ્કે.ફીટ), સુપર બિલ્ટઅપ એરિયા ૨૩.૨૨ સ્કે.મી. (એટલેકે ૨૫૦ સ્કે.ફીટ), રોડ અને કોમન પ્લોટમાં અવિભાજીત ભાગ ૭.૭૦ સ્કે.મી. / સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૬	June 20, 2026 Rs. 19,92,063.44/-	વડોદરા

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૬
સ્થળ : અમદાવાદ અને વડોદરા

નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા,
આઈસીઆઈસીઆઈ બ